## . ૮૧ ખોરા ખોટા ધાન્ય વિક્રય

ખોરા ખોટા ખોખરા; ધાન્યની કરે સહેલ ભેર.
કીડા જંતુ ખદ બદે; કરે ધાન્યના ઢગલા.
માનવતા ગુમાવીને, દાનવતાનો અંધેર.
પાપ કર્મનાં પોટલાં, બાધ્યાં ઉમંગ ભેર.

સડેલા અને સ્વાસ્થ્યને હાનિકારક એવા ધાન્ય આદિનો તાની પાસે ઘણો સંગ્રહ રાખ્યો તેથી લાખો જીવોનો ંહાર થયો. સંગ્રહ વૃત્તિ મનુષ્યને નીચ ગતિમાં લઈ ય છે. શ્રી વીતરાગ પ્રભુએ પરિગ્રહ પરિમાણ નામનું ચમું વ્રત આવશ્યકતાથી અધિક સંગ્રહ કરે તે આત્માને ોગતિ લઈ જાય છે. એમ કહેલ છે.

## તિલક શેઠ

અચલપુરમાં મહાધનાઢ્ય તિલક નામના શેઠ રહે છે. તે ન્યનો વ્યાપાર કરતા હતા. એક દિવસ કોઈ જ્યોતિષીએ ું કે શેઠ ? તમારા ભાગ્ય જાગ્યા, તમે મહાલક્ષ્મીવાન ાના છો. ખુબ ધાન્ય સંગ્રહ કરો, આવતા વર્ષે કાળ ાનો છે. તમારી પાસે ધનનો ઢગલો થશે.

શેઠને શું ઢીલ; સઘલા રાજ્યોમાંથી ધાન્ય ખરીદી લીધું. ા પડયો અને તિલક શેઠે ધનની તિજોરી ભરી. લોભમાં ાણસ શું નથી કરતો ?

તિલક શેઠે બીજા વર્ષે પણ ધાન્યનો સંગ્રહ કર્યો પણ સુકાળ ો ધાન્ય ધુળની જેમ પાક્યું તેમાં તિલક શેઠનો દિવાળો ીકલી ગયો ધાન્યસડી ધુળ થયું. લાખો જીવડાઓ પડયા. ન્તે તિલક શેઠ મરણ પામી અધોગતિ પામ્યા.

ઉપદેશ પ્રાસાદ

## નં. ૮૨ ખોટા ધાન્ય વેચનારની ગતિ

મરી નરકમાં જઈ ઉપન્યો; પડયો કુંડી માંય.
ધગ-ધગતી આગ ત્યાં; જીવડો મહા આકુલ થાય.
વેદના ઉપની અંગમાં, માથે શકિત ભાર.
પરમાધામી તેમને, મારે ઉપર માર.

આંછી અગ્નિથી ધગ-ધગથી કુંડી, પરમાધામી વિકરાળ રૂપ બનાવી, શકિત શસ્ત્ર અને તરવાર લઈ તેને કુંડીમાં નિમગ્ન કરે છે. ઉપરથી માર મારે છે. જીવડો ગભરાય પણ કરે શું ?

તે તિપ્પમાણા તલસંપુડં વ્વ, રાઈંદિયં તત્થ થણંતિ બાલા।
ગલંતિ તે સોણિઅપૂયમંસં, પજ્જોયા ખારપઈદ્ધિયંગા ॥ ૧ ॥

હે ગૌતમ ! હિંસાદિક મહાન આરંભ કરી નરકમાં ગયેલો જીવ નારકીય જીવોનાં ઉપર જણાવ્યા મુજબ નાક, કાન કાપી લીધા પછી તેમાંથી રૂંધિર વહ્યા કરે છે. અને તેથી ઉદ્ભવતી પીડાને લીધે તે રાત દિવસ કરૂણ સ્વરે આક્રંદ કરે છે. પરંતુ આટલાં દુઃખ ભોગવવાથી તેનો અંત આવતો નથી. તેમનાં છેદાએલાં અંગોને અગ્નિજ્વાળામાં સળગાવવામાં આવે છે, અને ત્યારબાદ તેના ઉપર મીઠું તથા અન્ય જલદ ક્ષાર છાંટવામાં આવે છે જેથી પારાવાર પીડા થઈ વધુ અને વધુ લોહી તથા માંસ ઝર્યા કરે છે. (૬।

હે ગૌતમ ! નરકમાં ગયેલા જીવોને અત્યંત ઠંડી, અત્યંત ગરમી, પુષ્કળ ક્ષુધા, અતિશય તૃષાદિ અનેક પ્રકારના ભય ઇત્યાદિ સેંકડો દુઃખો એક પછી એક લાગલાગટ કૃત કર્મોનાં પરિણામ રૂપે ભોગવવાનાં રજુ થતા જાય છે.

સુઅગડાંગ અ. ૫ ગા. ૨૧



## નં. ૮૩ ભેળ સેળ કરનાર

ભેળ સેળ કરી નાખતાં, માટી કંકર જામ.
ધાન્યમા ધુળ ભેળવી. ખોટા કરતો કામ.
પાણી છાંટી શાકરે, લીધા દામ કરી વેઠ
વડાઇઓના કામમાં, કોટી ધનના શેઠ.

શાકર; મરચુ, અને સુકી વસ્તુમાં પાણી નાખી ભારે કરે. જે ધાન્ય સ્વચ્છ હોય તેમાં માટી, કંકર. અને ધુળ ભેળવી વજનદાર બનાવે. આવા ખોટા કુકૃત્યો કરી મહાઘોર પાપ કર્મ ઉપાર્જન કરે છે.

## મારૂં તે સારૂં

કીકાભાઈ ધાન્યના વેપારી, રાતપડે ને ધુળ અને દરિયાની રેતી લાવી મણોબન્દ ધાન્યમાં મેળવી દે, ગ્રાહક આવેને શિકાયત કરે તો ઉપરથી કહે–મારૂં તે સારૂ, બાકી બધી. દુકાનો પર ભેળ કરેલો માલ હોય છે,

ગામમાં મોટો સ્વામીવાત્સલ્ય હતો, કીકાભાઈને ત્યાંથી શાકર ધાન્ય અને ઘી મંગાવ્યું પણ કીકાભાઇ કયાં ચુકવાના હતા, તેમાં ભેળ સેળ કરી સંઘને મોકલી આપ્યું. ભલા ધર્મના કામમાં પણ (ધાડ) ચુકયા નહી.

ભેળ સેળ કર્યા ઘણા, કુડાં કીધાં કામ
જગમાં અપયશ પામીનેઃ મેળવ્યા કર્મના ધાણ,

## નં. ૮૪ ભેળ સેળ કરનારની ગતિ

જઇ પડયા નરકમાં, પરમાધામી ધામ,
પુંછડી પકડી નાસતો, પડતો ઠામો ઠામ.
પરમાધામી આવીયા. માથે મારે લાત.
લઈ બરછીને ત્રાપીઓ, છેદે સારૂ ગાત.

લાત મારી નીચે પાડે છે. અને ઉપરથી બરછી લઈ સારૂ શરીર જર્જરીત કરે છે.

રૂહિરે પુણો બચ્ચસમુસ્સિઅંગે, ભિન્તુત્તમંગે પરિવત્તયંતા।
પયંતિ ણું ણેરઇએ ફુરતે, સજીવમચ્છેવ અયોકવલ્લે ॥ ૭ ॥

હે ગૌતમ! જે આત્માઓએ પોતાનાં શારીરિક સુખ તથા આરામને માટે અનેક રીતે અસંખ્ય પ્રકારના જીવોની હિંસા કરી હોય છે. તે આત્માઓ જ્યારે નરકયોનિમાં ઉત્પન્ન થાય છે. ત્યારે તે પરમ-ધામના અધિષ્ઠાતા યમરાજા દુર્ગંધ મારતાં વસ્ત્રોમાં વીંટાએલા એ નારકીય જીવોના શિરચ્છેદ કરી; તેમના શરીરમાંથી લોહી કાઢી, તેને ધગધગતી લોખંડની કઢાઈમાં નાખી ખુબ ઉકાળે છે. અને પછી તે ઉકાળતા લોહીના કઢાઈમાં તે જીવોને નાખી ખુબ તપાવે છે. આ વખતે તે પાપી આત્માઓ જેમ તપેલા તવા ઉપર માછલી તરફડે તેમ અસહ્ય દુઃખથી રીબાતા તરફડીઆં મારે છે.

સૂઅગડાંગ સૂત્ર અ. ૧ ગાથા ૧૧

卐



અતિભાર ભરનાર અને ઢોર મારના

# નં. ૮૫ અતિભાર ભરનાર

ભરભર ભાર ભર્યા ઘણા, ન કીધી દયા લગાર.
પર દુખની ચિંતા નહી. ઉપર મારે માર.
દોડાવે બહુ વાટમાં, ન સમજે પશુનો જીવ.
પૈસાઓના પ્રેમથી, જગમાં કરતો રીવ.
બધા જીવો જીવવાની ઇચ્છાવાળા હોય છે.

જેમ સ્વયંને દુઃખ થાય છે. તેમ બધા જીવોને તખલીફ (દુ:ખ) હોય છે. બિચારા અબોલા પશુઓ ઉપર ઘણું ભાર ભરી માર મારે છે; તે જીવો અંતે નરકના અધિકારી બને છે.

## નિર્દયી ખેડુત

ક્રોધથી ભરેલો, અબોલા પશુઓનો દુશ્મન. ખીમા-નામનો ખેડુત ખેતીનું કામ કરે છે. તે સવારમાં ઉઠે અને ગાડામાં અતિભાર ભરી શહેરમાં સામાન લઈ જાય.

માર્ગમાં નદી પડે, નદીમાં ગાડું આવે ત્યારે બિચારા બળદીઆ થાકી જાય. પૈડાઓ રેતીમાં ભરાઈ જાય અને મોઢામાં ફીણુ આવી જાય.

ખીમો ખેડુત ગાડાનુ જોતરૂ લઇ બળદીયાને મારવા પડે. ગરમીના દિવસ હતા અતિભારથી બળદ ત્યાં જ મરી ગયો અને ખીમો પણ બળદ વગરનો દુખી જીવન જીવી મરીને અધોગતિ પામ્યો.

卐

# નં. ૮૬ અતિભારનું ફળ

મરી નરકમાં ઉપન્યો, નાંખ્યા અગ્નિમાંય.
યમદૂતો ધક્કા દઈ, મારે મુદ્દગર ઘાય.
બળતાં બિચારા બોલતા; છોડો-છોડો લગાર
પરમાધામી તેહને, છોડે નહિ લગાર

અતિભાર ભરી આનંદ માણુતો હતો, પણ હવે શા મા
ગભરાય છે ? નિજને તો દુખ થાય છે. તો શુ પરને ન
થતું ? પરમાધામી તેને બળહળતી અગ્નિમાં ફેંકી દે

તિવ્વં તસે પાણિણો થાવરે યા, જે હિંસન્તિ આયસુ
પડુચ્ચ । જે લુસએ હોઈ અદત્તહારી, ણુ સિકખં
સેયવિયસ્સ કિંચિ ।। ૧૪ ।।

હે ગોતમ ! જે મનુષ્ય હરતા ફરતા સૂક્ષ્મ જી
તથા સ્થુળ જીવોની પોતાના સ્વાર્થને ખાતર ક્રુર રીતે હિં
કરે છે, તથા જે પોતાના શારીરિક બાહ્ય સુખોપભો
માટે અન્ય જીવોને ત્રાસ આપે છે. તથા બીજાઓની
માલિકીની વસ્તુઓ ચોરી લેવામાં કે લુંટી જવામાં પોતાના
જીવનની સાર્થકતા સમજે છે, અને કોઇ પણ પ્રકાર
વ્રત પચ્ચક્ખાણ અંગીકાર કરતો નથી. તે આ લોકમાં મૃ
પામી પરભવે નરક યોનિમાં જાય છે, અને તેને ત્યાં સ્વ
કરેલાં કર્મ અનુસાર નાના પ્રકારનાં દુઃખો ભોગવવા પડે

સૂયગડાંગ સૂત્ર. અ. ૧ ગા.

મનમાં દયા આવી નહી, ભર્યો અતીવભાર.
પશુ, અબોલા સર્વદા, દુભવે નિર્દયી થઈ વારંવાર.



# નં. ૮૭ ઢોરમાર

લાકડી લઈ ને મારતા, ઘણા ઘણેરા ઢોર.
ઢોર સમજી ઢીંખતા. મારે લાતથી જોર.
દયા વિનાના માનવી, પશુપર ઠાશે જોર.
કેમ કરીને બોલશે, મુંગા પ્રાણી ભોર.

જે જીવ મુંગા પ્રાણીઓને નિર્દયી થઈ મારે છે. હાથમાં જે
આવે તેનાથી ઘોર પ્રતાડના કરે છે. માર્ગમાં ચાલતાં પણ
મુંગા પ્રાણીઓને સતાવ્યા કરે છે. તેથી તે આત્મા
અધોગતિનુ બન્ધન કરે છે.

## કેસા બાબા

નાનકડા ગામમાં કેસા બાબા રહે છે અને ખેતીનો ધંધો
કરે, ઘરમાં ગાય. બળદીઆ, ઘોડા અને વાછરડાઓ પણ
રાખે. વાત વાતમાં તે પશુઓને પ્રતાડના કરે.

જેઠ મહિનાના દિવસ હતા, પાંડા હળે જોતર્યા. ગર્મીને
લીધે ન હે ચાલે ત્યારે લઇ હાથમાં લીલું લઠ અને ઘોર માર
મારે આપણાથી દેખાય પણ નહિ. કેસા બાબાને સમજાવીએ
તો ઉંધી અસર થાય. તેમની પ્રકૃતિ વધતી ગઈ અન્તે
ખોટા કર્મો ઉપાર્જીત કરી અધોગતિ પામ્યા,

દયા ન કીધી પરતણી, રાખી મનમાં રીસ,
નરભવ ગુમાવી પ્રાણીયા, દુઃખ સહવા પડશે અહોનીશ.